મેનેજમેન્ટ ફંડા
એન. રઘુરામન
raghu@bhaskarnet.com

અંતિમ ક્ષણ સુધી હાર સ્વીકારવી નહીં

તારીખ 18થી 22 સપ્ટેમ્બર, 1986. સ્થળ - એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમ, ચેપોક, મદ્રાસ. ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમ વચ્ચે મેચ રમાઈ રહી હતી. આજે શરૂ થયેલી પાંચ દિવસની ટેસ્ટ પણ આ જ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. ટીમ પણ એ જ છે, અંતર માત્ર એટલું છે કે શહેરનું નામ બદલાઈને ચેન્નાઈ થઈ ગયું છે. આ મેચ જોવા હું માત્ર એક કારણસર ગયો હતો. આ મેચમાં સુનિલ ગાવસ્કર સતત 100 ટેન્ટ રમવાની સિદ્ધિ મેળવનારા પ્રથમ ખેલાડી બનવા જઈ રહ્યા હતા. પ્રથમ દિવસે ઓસ્ટ્રેલિયાએ બેટિંગની શરૂઆત કરી અને તેણે પ્રથમ ઇનિંગમાં સાત વિકેટના નુકસાન પર 547 રનનો ઢગલો ખડકી દીધો. એ સમયે આપણા હીરો ગાવસ્કર દર્શકોની આશા પૂરી કરી શક્યા નહીં અને માત્ર આઠ રન બનાવીને આઉટ થઈ ગયા. ભારતે પ્રથમ ઇનિંગમાં જેમ-તેમ કરીને 397 રન બનાવ્યા, પરંતુ ઓસ્ટ્રેલિયાએ બીજી ઇનિંગમાં 170 રન બનાવીને મેચના છેલ્લા દિવસે ભારતીય ટીમ સામે જીતવા માટે 349 રનનું લક્ષ્ય મૂક્યું. ચાર દિવસ સુધી મીડિયામાં ટીમ પર માછલાં ધોવાયાં બાદ ટીમ ઈન્ડિયા નવા જુસ્સા સાથે આ પડકારનો સામનો કરવા મેદાનમાં ઊતરી. ગાવસ્કરે 90 રન બનાવ્યા, મોહિન્દર અમરનાથે 51, રવિ શાસ્ત્રીએ 48, મોહમ્મદ અઝહરુદ્દીને 42 અને શ્રીકાંત તથા ચંદ્રકાંત પંડિતે 39-39 રનની ઇનિંગ રમી. વિજય હાથવેંતમાં હતો. એક સમયે વિજય માટે માત્ર 40 રન બનાવવાના હતા અને પાંચ વિકેટ બાકી હતી. ત્યાર બાદ 344ના સ્કોર સુધી પહોંચતામાં તો આપણી ચાર વિકેટો પડી ગઈ. હવે જીત માટે માત્ર ચાર રન બચ્યા હતા અને બોલિંગ ગ્રેક મેથ્યુઝ કરી રહ્યો હતો. રવિ શાસ્ત્રીએ પ્રથમ બોલ પર બે અને બીજા બોલ પર એક રન લીધો. હવે સ્કોર બરાબર થઈ ગયો હતો, પરંતુ શાસ્ત્રી નોન સ્ટ્રાઈકર છેડે હતો. ભારતને જીતવા માટે એક રનની જરૂર હતી. શાસ્ત્રીએ મનિંદરને થોડી સૂચના આપી અને બોલને જેમ-તેમ કરીને ફટકો મારવા કહ્યું. ત્રીજા બોલ પર મનિંદર આઉટ થતાં બચ્યો. હવે ત્રણ બોલ બાકી હતા. હવેના બોલ મનિંદરના બેટ અને પેડને અથડાઈને લેગ સાઈડ તરફ જતો રહ્યો. મનિંદર રન લેવા દોડી રહ્યો હ તો ત્યાં જ અમ્પાયરે તેને આઉટ જાહેર કરી દીધો. એક ક્ષણ માટે તો સમગ્ર સ્ટેડિયમમાં સન્નાટો ફેલાઈ ગયો. પછી આખી ઓસ્ટ્રેલિયાની ટીમ વિજયથી ઝૂમી ઊઠી. આજે આ મેચ ઇતિહાસ બની ગઈ છે. એ દિવસે એક નવો બોધપાઠ મળ્યો. જ્યાં સુધી તમને મૃત જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી તમે જીવતા છો અને કંઈ પણ કરી શકો છો.

ફંડા એ છે કે, માણસે આશા ક્યારેય પણ છોડવી ન જોઈએ. જ્યાં સુધી અંતની જાહેરાત કરવામાં ન આવે ત્યાં સુધી તેણે સંઘર્ષ કરતાં રહેવું જોઈએ.

રણપ્રદેશના કચ્છી કારીગરો કે જેમની હસ્ત કલા, ચર્મકલા, બાંધણી દેશ વિદેશમાં વિખ્યાત બની છે તેને આ એક્ઝિબિશનમાં નિહાળી શકાશે.

કચ્છ મેળામાં રણ સંસ્કૃતિની એક ઝલક

પાલડીના સંસ્કારકેન્દ્ર ખાતે 22 ફેબ્રુઆરીથી 24 ફેબ્રઆરી સુધી કચ્છી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

- **કચ્છી મેળામાં દિવ્ય ભાસ્કર મીડિયા પાર્ટનર છે**
- **કચ્છની જાણીતી વાનગીઓની મજા મુલાકાતીઓ લઇ રહ્યાં છે**

સિટી રિપોર્ટર. અમદાવાદ

પાલડીના સંસ્કારકેન્દ્ર ખાતે શુક્રવારથી રવિવાર સુધી - વીકએન્ડ ત્રણ દિવસ સુધી ગુજરાતના એક આગવા પ્રદેશ કચ્છની કળા અને સંસ્કૃતિના એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કચ્છી મેળામાં દિવ્ય ભાસ્કર મીડિયા પાર્ટનર છે. કચ્છની રૂબરૂ મુલાકાત વિના કચ્છીયત માણી શકાય અને સામાજિક જવાબદારીનો હેતુ માટે આ મેળાનું આયોજન કરાયું છે.

રણપ્રદેશના કચ્છી કારીગરો કે જેમની હસ્ત કલા, ચર્મકલા, બાંધણી દેશ વિદેશમાં વિખ્યાત બની છે તે આ એક્ઝિબિશનમાં નિહાળી શકાશે. આ ઉપરાંત કચ્છીમેળામાં 70 સ્ટોલ્સ, સાથે કચ્છી લોકસંગીતની સુરાવલીઓ અને દાબેલી સહિતની કચ્છની વિખ્યાત ખાણીપીણીની વસ્તુઓનો પર આનંદ માણવા મળશે.

મેયર આસિત વોરાએ કચ્છી મેળાનું ઇનોગ્રેશન વખતે જણાવ્યું કે પ્રગતિશીલ સેવાભાવિ કચ્છી લોકો કાર્યક્મો થકી કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરતાં રહે છે, જેનાથી ત્યાના કારીગરોને એકસપોઝટ મળી છે એ ખુશીની વાત છે. કચ્છી જૈન સેવા સમાજના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઇ મહેતાએ જણાવ્યું કે પ્રવેશ ફીની આવક મેડિકલ અને શૈક્ષણિક અથવા અને સામાજિક કાર્યોમાં ઉપયોગમાં લેવાશે.

અમદાવાદીઓમાં આકર્ષણ

કચ્છના અજરખ - બારીક, રોગાન કળા, ભરતકામ, મડવર્ક, ખડકી - કોપરબેક, બાંધણી, વણાટકામ ઘડકી, કાષ્ટકળા, ચર્મકળા, મોતીકામ દેશ-વિદેશમાં વિખ્યાત છે. કચ્છ જઇને જો આ બધું જોવું હોય, તેની ખરીદી કરવી હોય તો અલગ-અલગ વિસ્તારનો 300થી 400 કિ.મી.નો પ્રવાસ ખેડવો પડે, પણ પાલડીના કચ્છીમેળામાં આ બધું એક જ મેદાનમાં મળી રહેતું હોવાથી શહેરીજનોમાં આકર્ષણ જામ્યું છે. અહીં દાબેલી, મીઠોમાવો, ખીચું તેનાં ભજિયા જેવી કચ્છની જાણીતી વાનગીથી માંડીને કચ્છી થાળીની મજા મુલાકાતીઓ લઇ રહ્યાં છે.

સસ્તાં મકાન અપાશે

કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદીઓને સસ્તામાં સસ્તાદરે રપ0 મકાન આપશે. શુક્રવારના કાર્યક્રમમાં સંસ્થાના મોવડીઓએ આ અનોખા પ્રોજેકટની માહિતી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને આપી હતી.

‘કવિતાઓમાં જ મારી લાગણીને વ્યકત કરું છું’

- **ડો. અશોક ચાવડાની સાત પુસ્તકોનું વિમોચન કરાયું**

સિટી રિપોર્ટર. અમદાવાદ

એચ.કે.આર્ટ્સ અને રન્નાદે પ્રકાશનનાં સંયુક્ત ઉપક્રમે ગ્રંથસપ્તક અંતર્ગત ડો.અશોક ચાવડા ‘બેદિલ’નાં પુસ્તકોનો પુસ્તકોત્સવ એચ.કે.આર્ટ્સ કોલેજનાં સી.સી.હોલ ખાતે શુક્રવારે સાંજે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ડો.અશોક ચાવડાની સાત પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું છે. જેમાં તેમણે ગઝલ સંગ્રહ ‘પલગાં તળાવમાં’, પગરવ તળાવમાં, ગીત સંગ્રહ તું કહું કે તમે?, હાસ્યકવિતા સંગ્રહ પીટ્યો અશ્કો, ભારત-પાક.ની ઉર્દૂ ગઝલોનો અનુવાદ ‘ગઝલિસ્તાન’, પ્રતિબદ્ધ કવિતા સંગ્રહ ડાળખીથી સાવ છૂટાં અને વિવેચન સંગ્રહ શબ્દોદયનો સમાવેશ થાય છે. આમ સાવ જ જુદા જુદા વિષયો પર ડો.અશોક ચાવડાએ પુસ્તકો લખ્યાં છે. આ કાર્યક્રમનાં બીજા અંશમાં કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો.ચીનુ મોદી ‘ઇર્શાદ’, ડો.રાજેશ વ્યાસ ‘મિસ્કીન’, તુષાર શુક્લ, પ્રીતિ સેનગુપ્તા, કૃષ્ણ દવે, મધુસૂદન પટેલ, હરદ્વાર ગોસ્વામી, ડો.અશોક ચાવડા ‘બેદિલ’, ચંદ્રેશ મકવાણા ‘નારાજ’, ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા અને શૈલેષ પંડ્યા ‘ભીનાશ’એ હાજરી આપી હતી.

ડો.અશોક ચાવડાએ તેમનાં પુસ્તકો વિશેની વાત કરતાં કહ્યું હતું કે, હું ક્યારેક વિચારું કે જો હું કવિતા ન લખતો હોત તો હું શું કરતો હોત? તો મને વિચાર આવે કે તો હું કદાચ શ્વાસ જ ન લઇ શકતો હોત. હું ક્યારેય કોઇ લાગણીને બોલીને વ્યક્ત કરી જ નથી શકતો, હું માત્રને માત્ર કવિતાઓમાં જ તેને વ્યક્ત કરી શકું છું. મેં જે કાવ્યસંગ્રહો લખ્યાં છે તે કેટલાંક કોલેજકાળ દરમિયાનનાં 1996-99ની સાલનાં છે. મને ગમતું પુસ્તક ગઝલિસ્તાન છે, કારણ કે હું ખાસ 1999માં ઉર્દુ શીખવા જતો હતો.

એચ.કે.આર્ટ્સ અને રન્નાદે પ્રકાશનનાં સંયુક્ત ઉપક્રમે ગ્રંથસપ્તક અંતર્ગત ડો.અશોક ચાવડા ‘બેદિલ’નાં પુસ્તકોનું વિમોચન કરાયું હતું

સુડોકુ-290

4			5					
8	5	2		1				
	1			4	2	8	7	5
		9					1	
3								6
	8					7		
1	4	5	9	2			3	
				6		1	9	4
					4			7

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મુકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-289નો જવાબ

3	1	5	7	8	9	2	4	6
8	6	7	3	4	2	1	5	9
9	4	2	6	1	5	8	7	3
6	3	8	5	9	1	4	2	7
1	2	4	8	7	6	3	9	5
7	5	9	4	2	3	6	1	8
4	7	1	9	3	8	5	6	2
5	9	3	2	6	4	7	8	1
2	8	6	1	5	7	9	3	4

AUDITION - ઓડીશન
For Beauty Contest 2013
Venue Sponsor : Ritmo Disco Theque
Miss Gujarat - Mr. Gujarat
Also Children Mrs. Gujarat
Prince & Princess Gujarat
Training & Grand Finale after Exams
ટ્રેનીંગ અને ગ્રાન્ડ ફિનાલે પરીક્ષા પછી
Our Student LEENA JUMANI
PARI IN PUNARVIVAH & Upcoming Movie : HIMMATWALA with AJAY DEVGAN
PLATFORM TO WINNERS (Ad / Serial / Movies) FREE PORTFOLIO To All Finalist
Our Student ASHIKA BHATIA
GINNI IN PARVARISH
Our Student BHAVESH BALCHANDANI
RANVIJAY IN VEERA
Our Student EKLAVYA AHIR
SAMAR IN PRATIGYA
Associate Sponsor : Sarthi TOURS & TRAVELS
હનીમૂન કપલ / ફેમીલી ટૂર
Mobile : 9909915771
Website : www.sarthitoursandtravels.com
For Details : 98259 57399 98245 71007
Audition Date : 25-2-2013 • Time : 3.30 pm onwards
Venue : Ritmo Disco Theque
2nd Floor, Dev Arc Mall, SG Highway, Ahmedabad.

દિવ્ય ભાસ્કર

આપણું અમદાવાદ

જબ કુત્તે પે સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા

પુરાતન અમદાવાદ આશાવળ અને આશાપલ્લી જેવા નામથી ઓળખાતું હતું. અણહીલવાડનાં સોલંકી રાજા કરણદેવે આશાવલનાં રાજાને યુદ્ધમાં હરાવી આ પ્રદેશ જીતી લીધો. જેનું નામકરણ કર્ણાવતી કરવામાં આવ્યું. સોલંકી રાજ કર્ણાવતીમાં 13મી સદીની આસપાસ ખતમ થઇ ગયું. ઇ.સ. 1411માં કર્ણાવતી પર દિલ્હી સુલતાને વિજય મેળવ્યો હતો. ગુજરાતમાં મુઝફ્ફર વંશની સ્થાપના કરી હતી. દંતકથા અનુસાર અહમદશાહ બાદશાહ જયારે સાબરમતી નદીને કિનારે ટહેલ માટે જતા હતા. તે સમયે એક સસલાએ કૂતરાનો સામનો કરી તેણે ભગાડયું અને સસલાએ કૂતરાનો પીછો કર્યો હતો. બાદશાહે જ્યારે આ દ્રષ્ય જોયું ત્યારે પ્રભાવિત થયાં. પોતાના રાજ્યની રાજધાનીની સ્થાપના કરવા માટે અનુકૂળ સ્થળ શોધતા બાદશાહને સાબરમતીની આસપાસનો આ વિસ્તાર પસંદ આવ્યો. તેમણે અહીંજ તેમની રાજધાનીની વિધિવત સ્થાપના કરી. ત્યારબાદ આ શહેરનું નામાભિધાન ‘અહમદાબાદ’ થયું જેનો અપભ્રંશ થઇને આજનું અમદાવાદ બન્યું. આ ઘટનાને લોકબોલીમાં ‘જબ કુત્તે પે સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા’ કહેવત રૂપે સ્થાન મળ્યું.

WWW.AMNEKAHO.COM

વિકસતા ગુજરાતમાં અમદાવાદની અમને કહો ડોટ કોમ દ્વારા ગુજરાતમાં સૌથી પહેલી એક એવી વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે જેમાં ગુજરાતનાં 300 જેટલા તાલુકા અને ટાઉનના વેપારની ડિરેકટરી છે. આ ડિરેકટરી એક સર્ચ એન્જિનની જેમ આપની જરૂરિયાત મુજબ વેપારની માહિતી શોધી આપે છે. ગુજરાતનાં હિલ સ્ટેશનો અને ધાર્મિક સ્થળોની હોટલો, ધર્મશાળા અને ગેસ્ટહાઉસનું લીસ્ટીંગ છે જેના કારણે ગુજરાતનાં પ્રવાસને વેગ મળી રહે છે. નાનામાં નાના શહેરોનાં લિસ્ટીંગનાં કારણે આ ડિરેકટરી ઈરઈ અને ઈરઈ એમ બન્ને પ્રકારે કામ કરે છે. લિસ્ટેડ ધંધાદારીને સ્ટાફની જરૂર પડે તે માટે નાનામાં નાની જોબનું જોબ પોર્ટલ પણ તૈયાર કરેલ છે.

{db studio}

- **અમદાવાદનો અભેદ કિલ્લો**

ઇ.સ. 1487માં અહમદશાહનાં પૌત્ર મહંમદ બેગડાએ અમદાવાદની ચોતરફ કિલ્લાનું નિર્માણ કર્યું. આ કિલ્લાની અંદર આવેલ પ્રદેશ કોટ વિસ્તાર તરીકે ઓળખાય છે. આ કિલ્લામાં કુલ 12 દરવાજા અને 180થી વધુ પંચકોણીય ગુંબજ હતાં. ત્રણ આર્કનાં પ્રવેશદ્વારને સુલતાન અહેમદ શાહ દ્વારા મેદાન શાહી નામના રોયલ એન્ટ્રસ તરીકે બનાવડાવામાં આવ્યો હતો. મુઘલ સામ્રાજ્યનાં શહેનશાહ જહાંગીર અને તેની પત્ની નૂરજહાં જયારે તાઝિયા નીકળતા ત્યારે આ દરવાજા પરથી તેને નીહાળતા હતાં. આ ઉપરાંત અન્ય 12 જેટલાં દરવાજા શહેરની શાન સમાન છે.

- **અમદાવાદની ગૌરવવંતી ગળથૂથીઃ ઉદ્યોગ સૂઝ**

વર્તમાન સમયમાં અમદાવાદ બાહોશ અને સાહસિકો ઉદ્યોગપતિઓનું શ્રેષ્ઠ મુકામ બન્યું છે. ભારતનાં સ્થાપિત અને નામચીન બિઝનેશ હાઉસીસ પણ ગુજરાતમાં પોતાનું હબ સ્થાપાવાથી ઘણા જ ખુશ છે. કારણકે ગુજરાત રાજય સરકારની ઉદારનીતિ એ તેમની ઘણી મુશ્કેલીઓને હળવી કરી છે. જેનાથી તેમના વાર્ષિક રિપોર્ટમાં પ્રોફિટ કોલમના આકડા મોટા થયા છે અને ભવિષ્યમાં તેમાં વધારો થશે. અમદાવાદી ઉદ્યાગપતિઓ માટે કહેવાય છે કે તેઓ વેપારની સુઝ જમતા શીખે તે પહેલા કેળવી લે છે. અમદાવાદની ઔદ્યોગિકનીતિનો અભ્યાસ ઘણી જ બિઝનેશ સ્કૂલોના અભ્યાસ ક્રમમાં સામેલ છે. આપણાં અમદાવાદ શહેરનાં નામે ઔદ્યાગિક વિકાસની હરણફાળના અનેક વિક્રમો છે. ગુજરાતનો આર્થિક વૃધ્ધિ દર 12.5 ટકા છે. ગુજરાતમાં 1960થી 1200 એકમો કાર્યરત છે. ગુજરાતમાં મધ્યમ કદના ઉદ્યોગોની સંખ્યા પણ નાની સુની નથી. રાજયના ઉદ્યાગોમાં ટેકનીકલ સપોર્ટ, કામદારોને આપવામાં આવતા વિવિધ ભથ્થા અને ઉત્પાદિત માલ સામાનને વિતરણ સ્થળ સુધી પહોંચવાની ક્ષમતાનો વિકાસ ઉડીને આંખે વળગે તેવો છે. અમદાવાદનાં સામાજિક મૂલ્યોનો વારસો નવી પેઢીને ઉદ્યાગસુઝ કેળવવામાં મદદ કરી રહ્યો છે. અમદાવાદના ગુણવત્તા સભર આવિષ્કારોએ સમગ્ર વિશ્વમાં ડંકો વગાડયો છે.

- **દરેકને મીઠો આવકાર આપે છે અમદાવાદ**

અમદાવાદ લોકોને મીઠો આવકાર આપવા હંમેશા તૈયાર હોય છે. ગુજરાતનું આર્થિક પાટનગર અમદાવાદ વિશ્વના સૌથી ઝડપી વિકસી રહેલા નગરોમાં ત્રીજા ક્રમે છે. રાજ્યનું બીજુ મહત્વનું શહેર સુરત ભારતનું સૌથી ઝડપી વિકસી રહેલું સિટી છે. અમદાવાદ શહેરે ભૂતકાળમાં પણ કાપડની અસંખ્ય મીલોનાં લીધે ભારતના માન્ચેસ્ટરનું બિરૂદ મેળવ્યું હતુ. જયારે અમદાવાદમાં કાપડની મીલો ધમધમતી હતી તે સમયે રાજય બહારની પ્રજાએ ગુજરાતને પોતાનું માદરે વતન બનાવ્યુ હતું. ગુજરાતી સિવાયની પ્રજાની અમદાવાદ શહેરમાં આજે ચોથી પેઢી અસ્તિત્વ ધરાવે છે. આમ ગુજરાતમાં બીજા રાજયોમાંથી માઇગ્રેશન ભૂતકાળમાં પણ થયુ હતુ. આ માઇગ્રેશન વર્તમાનમાં તેના બધાજ વિક્રમો તોડી રહ્યું છે.

નાગરિક શાસ્ત્રના તજજ્ઞોના મત મુજબ ગુજરાતમાં ભવિષ્યમાં માઇગ્રેશનમાં ખૂબ વધારો જોવા મળશે. માત્ર અમદાવાદ અને સુરત જ નહી ગુજરાતના લગભગ દરેક મોટા શહેરો અર્થોપાર્જન માટે ખૂબ મહત્વ ધરાવે છે. ગુજરાતનો ઝડપી આર્થિક વિકાસ ભારતના અર્થતંત્રમાટે એક મજબુત આધાર સ્તંભની ગરજ સારે છે.ગુજરાતમાં માત્ર ઝડપી જ નહી પણ ગુણવત્તા સભર આર્થિક વિકાસ જોવા મળે છે. અમદાવાદે છેલ્લા દોઢેક દસકામાં પોતાના ઔદ્યોગિક વિકાસથી સમગ્ર વિશ્વનું ધ્યાન પોતાની તરફ ખેચ્યું છે. આવનારો સમય અમદાવાદાના વિકાસની ગાથા અત્યારથી જ ગાઇ રહ્યો છે. અમદાવાદ જેવો ઔદ્યોગિક વિકાસ કરવા માટે ભારતનાં ઘણા શહેરો આકાશ પાતાળ એક કરી રહ્યાં છે. અમદાવાદની સંસ્કૃતિમાં અતિથિ દેવો ભવઃનો સંસ્કાર ગુજરાતની બહારથી આવતી પ્રજાને વસવામાં સહાય કરે છે. અમદાવાદ તેના સમૃદ્ધ ઇતિહાસ અને સાંસ્કૃતિક વારસા સાથે ગુજરાતનું સૌથી મહત્વપૂર્ણ શહેર છે. આ શહેરે ટેક્ષટાઇલ, કેમિકલ અને સ્ટોક એક્ષચેંજ ક્ષેત્રે પોતાની ઓળખ સ્થાપિત કરી છે.